કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા
સાથે જોડાણ અંગેની નીતિ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમશબ/૧૨૧૯/૫૫૦/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ /૦૬/૨૦૧૯
25 JUN 2019

વંચાણે લીધો :-

૧. શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૬/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૧/૫૯૦/છ

ઠરાવઃ-

કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નીતિ શિક્ષણ વિભાગના વંચાણમાં લીધેલ તા.૦૨/૦૬/૨૦૧૧ના ઠરાવથી નક્કી કરેલ છે. જેમાં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

(૧) જે વિદ્યાર્થીઓએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ(જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૦ની સમકક્ષ ગણવામાં આવશે.

(૨) જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય તે માટેની નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ(જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થીઓ જો પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ

કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ની સમકક્ષ ગણવામાં આવશે.

૨. રાજ્ય સરકારના ઉક્ત ઠરાવની જોગવાઇ મુજબ ધોરણ-૧૦ પાસ કર્યા પછી I.T.I નો બે વર્ષનો કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટે N.C.V.T. કે G.C.V.T.ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થી પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામીનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ની સમકક્ષ ગણવામાં આવે છે. અને તે મુજબ શૈક્ષણિક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૩. કેટલાક વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી રજુઆત મળેલ છે કે ધોરણ-૧૦ પાસ કર્યા પછી I.T.I નો બે વર્ષનો કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે N.C.V.T. કે G.C.V.T.ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે વિદ્યાર્થી પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ના અંગ્રેજી વિષયની પરીક્ષા આપી શકે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ દર વર્ષે માર્ચ માસમાં લેવામાં આવે છે . તે સમયે વિદ્યાર્થીઓ I.T.I નો બે વર્ષનો કોર્સ પૂર્ણ કરીને N.C.V.T. કે G.C.V.T.ની પરીક્ષા પાસ કરેલ હોતા નથી. આથી જુલાઇ-ઓગસ્ટ માસમાં I.T.I અભ્યાસક્રમોના પરિણામ આવ્યા બાદ પાસ થયેલ ઉમેદવારોએ ધોરણ-૧૨ ના અંગ્રેજી વિષયની પરીક્ષા આપવા માટે, ત્યારબાદ આવનાર વર્ષના માર્ચ માસ સુધી રાહ જોવાની રહે છે. જે બાબત આવા વિદ્યાર્થીઓની કારકિર્દીમાં એક વર્ષનો વિલંબ કરનાર નીવડતી હોય તેમ જણાય છે. આથી, જે વિદ્યાર્થીઓ I.T.I નો બે વર્ષનો કે તેથી વધુનો કોર્સ પૂર્ણ કરી N.C.V.T. કે G.C.V.T.ની પરીક્ષા આપનાર હોય તે વિદ્યાર્થીઓને જુલાઇમાં લેવાતી I.T.I.ની ફાઇનલ પરીક્ષા અગાઉ જુલાઇ માસમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૨ની પૂરક પરીક્ષામાં તક આપવામાં આવે અને તે પરીક્ષામાં ઉતિર્ણ થાય તો તેવા ઉમેદવારોને I.T.I. પૂર્ણ કર્યા બાદ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરવા માટે આગામી માર્ચ માસની પરીક્ષા અને તેના પરિણામ સુધી રાહ જોવાની ન રહે અને વિદ્યાર્થીનું એક વર્ષ બચી શકે.

ઉપરોક્ત તમામ બાબતો વિચારણામાં લઇને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

"જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી આઇ.ટી.આઇ નો બે વર્ષ અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ પૂર્ણ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટી ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તે વિદ્યાર્થીઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા, તે પરીક્ષા અગાઉ તે જ વર્ષના જુલાઇ માસમાં લેવાતી પૂરક

પરીક્ષામાં ઉપસ્થિત થવાની પરવાનગી આપવામાં આવે છે અને તે વિદ્યાર્થી અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ પાસ કર્યા પછી I.T.I નો બે વર્ષનો અથવા તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટી પરીક્ષા પાસ કરેલ હોય તો ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)ની સમકક્ષ ગણવામાં આવશે.

૪. આમ, આવા વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૦ બાદ I.T.I ના બે વર્ષ અથવા વધુ સમયના કોર્સનો છેલ્લા વર્ષનો અભ્યાસ પૂર્ણ કરે અને તે માટેની એન.સી.વી.ટી અથવા જી.સી.વી.ટીની જુલાઇની પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ જ દર વર્ષે લેવામાં આવતી જુલાઇ માસની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે. આ બાબતના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે તે આધાર પુરાવા રજુ કર્યા બાદ જ જુલાઇ માસમાં આયોજીત થતી ધોરણ-૧૨ ની પૂરક પરીક્ષામાં અંગ્રેજી વિષય માટે ઉપસ્થિત થવાની પરવાનગી આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવે છે.

આ હુકમો સરકારશ્રીની તા.૧૧/૦૬/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.ટી.મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.મંત્રીશ્રી(શ્રમ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા. અને મા. શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૬. માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૯. નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૦. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર( સર્વે યુનિવર્સિટીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)

૧૧. નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

૧૨. નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૩. શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

૧૪. સચિવાલયના સર્વે વિભાગો.

૧૫. વિભાગની સર્વે શાખાઓ

૧૬. સિલેક્ટ ફાઇલ.

૧૭. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.